ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા: ૩૧/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તાલુકાની શાળાઓમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જિલ્લાની ગ્રામ્ય તેમજ શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુંસંધાને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે તા.૨૫, ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ સાંજણાસર પ્રાથમિક શાળા તેમજ નાનીપાનીયાળી પ્રાથમિક શાળા તા. પાલીતાણા અને માલપરા પ્રાથમિક શાળા તેમજ લૂણધરા પ્રાથમિક શાળા તા. ઉમરાળા ખાતે વિધાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તે હેતુથી તેઓના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગોને નિદર્શન દ્વારા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોની સરળ તેમજ પ્રાયોગિક રજૂઆત JOY OF SCIENCE કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલ. સમાજમાં જોવા મળતી અંધશ્રધ્ધા બાબતે લોકોમાં જાગૃતિ આવે તે માટે અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ કરીને પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને તેની પાછળના વૈજ્ઞાનિક સાતત્યને સમજાવેલ.

આ ઉપરાંત તળાજા તાલુકામાં એન. એસ. ડાંખરા ઉ. બુ. વિધાલય, બેલા તેમજ બોરલા પ્રાથમિક શાળા ખાતે બ્રહ્માંડ દર્શન સ્લાઈડ શો કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં આકાશગંગાઓ, તારાઓ, ગ્રહો, નિહારિકા અને ધૂમકેતુ જેવી આપણે જોઈ શકીએ તેવી વસ્તુઓ છે અને ડાર્ક મેટર જેવી ન જોઈ શકીએ તેવી વસ્તુઓ પણ છે. તેની સમજૂતિ આપી વિદ્યાર્થીઓને ટેલિસ્કોપ શું છે ? તેની જાણકારી આપવામાં આવેલ. આ ઉપરાંત સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને વિવિધ ગ્રહો વિશે, સૂર્ય થી પૃથ્વી વચ્ચેનું અંતર તેમજ આકાશ ગંગા વિશેની પૂર્ણ માહિતી આપેલ. આવા કાર્યક્રમો પોતાની શાળામાં યોજવા ઈચ્છતી શાળાઓના આચાર્યશ્રી તેમજ શિક્ષક મિત્રો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર ફોન નં.. ૨૫૭૦૧૧૦/૨૫૭૦૧૧૧ પર સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંપર્ક કરી શકે છે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. આ કાર્યક્રમનો કુલ મળીને ૧૦૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધેલ.

પ્રી.પ્રી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.